# વિશ્વવિહાર

વર્ષ : 17 * અંક : 1 * ઑક્ટોબર 2014 * કિં ₹ 10



ચિત્રકાર શ્રી ગુલામમોહમ્મદ શેખની
કાવડ ચિત્રશ્રેણીનું એક ચિત્ર



જાણીતા કલાવિદ અને નૃત્યશૈલીના લેખક શ્રી સુનિલ કોઠારીને
૨૦૧૨નો રણજિતરામ સુવર્ણચંદ્રક અર્પણ કરતા ડૉ. કુમારપાળ દેસાઈ



ગુજરાત વિશ્વકોશ લલિતકલાકેન્દ્ર અને અગસ્ત્ય ફાઉન્ડેશનના સંયુક્ત ઉપક્રમે
પંડિત રઘુનંદન પાંશીકર અને તેમના સાથીદારો દ્વારા સંગીતમય પ્રસ્તુતિ

ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટ વતી મુદ્રક, પ્રકાશક અને તંત્રી કુમારપાળ દેસાઈ,
પ્રકાશનસ્થળ : ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટ, ૫૧/૨, રમેશપાર્કની બાજુમાં, બંધુસમાજ સોસાયટી સામે, ઉસ્માનપુરા, અમદાવાદ ૩૮૦ ૦૧૩. ફોન : ૨૭૫૫ ૧૭૦૩, મુદ્રણસ્થળ : ભગવતી ઑફસેટ, બારડોલપુરા, દરિયાપુર દરવાજા બહાર, અમદાવાદ ૩૮૦ ૦૦૪
✦
email : vishvakoshad1@gmail.com ✦ www.vishwakosh.org
છૂટક કિંમત રૂ. ૧૦/-, વાર્ષિક લવાજમ રૂ. ૧૦૦/-, ત્રણ વર્ષનું લવાજમ રૂ. ૩૦૦/-
લવાજમ 'ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટ'ના નામે ડ્રાફ્ટ અથવા મ. ઑ. થી જ મોકલવું
[અહીં પ્રગટ થતાં લખાણોમાંના વિચાર-અભિપ્રાયની જવાબદારી જે તે લેખકની છે.]

# વિશ્વકોશના ચાહકની વિદાય

૧૯૮૫ના ડિસેમ્બરમાં ગુજરાત વિશ્વકોશનો પ્રારંભ કર્યો, ત્યારથી જ ક્રિકેટના વિખ્યાત આંકડાશાસ્ત્રી આણંદજીભાઈ ડોસા આ પ્રવૃત્તિમાં ઊંડો રસ લેતા હતા. વિશ્વકોશના પ્રારંભના આગોતરા ગ્રાહકોમાંના એક. વિશ્વકોશમાં આવતાં ક્રિકેટવિષયક અધિકરણોના એ લેખક અને વખત આવ્યે કોઈ માહિતી ચકાસી આપતા પરામર્શક પણ ખરા. ગુજરાતના વિખ્યાત નાટ્યલેખક પ્રાગજી ડોસાના આ નાના ભાઈ. ભાઈઓમાં સૌથી નાના હોવાથી ઘણા લાડકોડ પામેલા. કૉલેજકાળમાં એમણે ક્રિકેટર તરીકે ખેલવાનું શરૂ કર્યું અને ૧૯૪૧માં એ સમયે ખેલાતી પચરંગી (પેન્ટાગ્યુલર) સ્પર્ધામાં 'હિંદુ' ટીમ તરફથી રમ્યા અને એ પછી રણજી ટ્રૉફીમાં અનામત ખેલાડી તરીકે પસંદગી પામ્યા હતા.

૧૯૭૨માં એમનાં માતુશ્રીની તબિયત અસ્વસ્થ હોવાથી ધરમપુર ગયા અને ત્યાં 'ટાઇમ્સ ઑફ ઇન્ડિયા'ની ક્રિકેટની એક કાપલી હાથમાં આવતાં એમના ક્રિકેટના શોખને એક નવી દિશા મળી ગઈ. એમણે ક્રિકેટ વિશેની ઝીણામાં ઝીણી વિગતો રાખવાનું શરૂ કર્યું અને ગૂગલ, કમ્પ્યૂટર કે કૅલ્ક્યુલેટરવિહોણા યુગમાં તીવ્ર યાદશક્તિને કારણે ચપટીમાં આંકડાવિષયક અટપટા સવાલોના ઉત્તર આપનાર ક્રિકેટના આંકડાશાસ્ત્રી તરીકે આણંદજીભાઈ જાણીતા થયા.

૧૯૫૬-૫૭થી કૉમેન્ટ્રેટર બૉક્સમાં એમણે આંકડાશાસ્ત્રી તરીકે કામગીરી શરૂ કરી અને એક વર્ષ બાદ તો ટેસ્ટ મૅચો વખતે આંકડાશાસ્ત્રીની જવાબદારી બજાવવા લાગ્યા. આમ તો એ રૂના વેપારી હતા. વિદર્ભમાં જિનિંગ અને પ્રેસિંગની ફૅક્ટરીઓ હતી.



રેડિયો પર વિખ્યાત ઓપનિંગ બૅટ્સમેન શ્રી વિજય મરચન્ટ કોઈ પ્રશ્ન પૂછે અને આણંદજીભાઈ આંકડાઓ સાથે હાજર હોય જ, પરંતુ એની સાથોસાથ એને વિશેની રોમાંચક માહિતી પણ એમની પાસેથી પ્રાપ્ત થાય. આજે આંકડાશાસ્ત્રી મળે છે, પરંતુ એ નર્યા આંકડાઓ આપે છે, આણંદજીભાઈ જેવી રસિક વિગતો કોઈ આપી શકતા નથી.

જેમ કે ૧૯૪૧માં ઇમરાનખાનના કાકા બાકવા ઝિલાનીએ બાલ્કની પરથી પડીને આત્મહત્યા કરી એમ બધે જાહેર થયું અને નોંધાયું, ત્યારે આણંદજીભાઈએ જરૂરી તપાસ કરીને એમાં સુધારો કર્યો કે બાકવાને 'ફીટ' આવતી હતી. એક વાર એ બાલ્કનીમાં ઊભા હતા અને સમતોલન ગુમાવતાં એ નીચે પડી જતાં મૃત્યુ પામ્યા હતા. આવા વર્ષો પહેલાં થયેલા બનાવની ઝીણામાં ઝીણી માહિતી આણંદજીભાઈ પાસે રહેતી હતી. આનું કારણ એ હતું કે કૉમેન્ટ્રેટર બૉક્સમાં આવતા પહેલાં એ ચાર-પાંચ કલાક અભ્યાસ કરતા અને મૅચ સમયે બે મોટી બૅગમાં માહિતીનો ખજાનો લઈને હાજર થતા.

૧૯૭૮માં ભારતની ટીમ ૧૭ વર્ષના લાંબા ગાળા બાદ પાકિસ્તાનનો ક્રિકેટ પ્રવાસ ખેડવાની હતી, ત્યારે તત્કાલીન વડાપ્રધાન શ્રી મોરારજીભાઈ દેસાઈનું સૂચન હતું કે તમે ભારત-પાકિસ્તાન વચ્ચેના ક્રિકેટ સંબંધો અંગે પુસ્તક લખો અને આણંદજીભાઈએ 'ક્રિકેટ-ટાઈ : ભારત અને પાકિસ્તાન' પુસ્તક લખ્યું.

એક વાર ટેસ્ટ મૅચ દરમિયાન આણંદજીભાઈને પૂછવામાં આવ્યું કે ચપળ ફિલ્ડર રૂસી સૂરતીએ કેટલા ટેસ્ટક્રિકેટરોને રનઆઉટ કર્યા છે ? ક્રિકેટના સ્કોરબોર્ડમાં એ સમયે માત્ર 'રનઆઉટ' એટલું જ લખાતું. કોઈ ફિલ્ડરનું નામ નોંધાતું નહીં. આણંદજીભાઈ ઘેર ગયા. એમનો ખજાનો ખોલ્યો અને બીજે દિવસે આવીને આણંદજીભાઈએ રૂસી સૂરતીએ કેટલા ખેલાડીઓને એમની શાનદાર ફિલ્ડિંગથી રનઆઉટ કર્યા છે, એનો આંકડો કહ્યો.

દુલિપ ટ્રૉફીમાં યુવાન પટૌડીના નવાબ છટાદાર રીતે રન કરતા હતા. કૉમેન્ટ્રેટર અનંત શેતલવાડે પૂછ્યું કે પટૌડી ક્યારેય રનઆઉટ થયા છે ખરા ? કૉમેન્ટ્રેટર બૉક્સમાં કોઈને ખબર નહીં, પણ સ્કોરિંગ કરતા આણંદજીભાઈએ પોતાની સ્મૃતિના ખજાનામાંથી તરત માઇક પર કહ્યું કે પટૌડી એક વાર મોઇન-ઉદ્-દૌલા ટુર્નામેન્ટમાં રનઆઉટ થયા હતા.

આણંદજીભાઈ માત્ર આંકડાઓની ઇન્દ્રજાળમાં અટકી જતા નહીં, પરંતુ એ આંકડાઓની સાથે સાથે મહત્ત્વની વિગતો પણ નોંધતા અને તેથી એમની પ્રત્યેક વાતમાં કોઈ નવી માહિતી પ્રાપ્ત થતી. ક્યારેક ઓવરમાં છ દડા થયા હોય અને અમ્પાયરે

ભૂલથી સાત દડા નાખવા દીધા હોય, ત્યારે આણંદજીભાઈને પૂછવામાં આવે કે આવું ક્યારેય બન્યું છે ખરું ? ત્યારે તેઓ કહેતા કે ૧૯૬૨-૬૩ની ભારતીય ક્રિકેટની સીઝનમાં પ્રથમ કક્ષાની મૅચમાં આઠ દડાની ઓવર અજમાવવામાં આવી હતી.

આણંદજીભાઈ સ્વભાવે અત્યંત સૌમ્ય અને વિનમ્ર, સહુ કોઈને મદદ કરવા તત્પર, 'અપંગના ઓજસ' નામના મારા પુસ્તક માટે વિખ્યાત બૅટ્સમૅન વિજય મરચન્ટ પાસે મારે પુસ્તકની પ્રસ્તાવના લખાવવી હતી. વિજય મરચન્ટે વિકલાંગો માટે સેવાકાર્ય કર્યું હતું અને આ પુસ્તકમાં વિકલાંગોએ રમતગમતના ક્ષેત્રે શારીરિક મર્યાદાઓને પાર કરીને મેળવેલી સિદ્ધિઓની કથા હતી. એ પુસ્તકના ફર્મા લઈને તેઓ વિજયભાઈ પાસે ગયા અને એમની પ્રસ્તાવના મોકલી આપી.

એમની રાહબરી હેઠળ અનેક આંકડાશાસ્ત્રીઓ તૈયાર થયા. એમના માનમાં બૅનિફિટ મૅચ રાખવાનું પણ સૂચન થયું હતું અને ક્રિકેટજગતમાં જેની પ્રમાણભૂતતા અજોડ ગણાય છે એવા ઇંગ્લૅન્ડથી પ્રસિદ્ધ થતા 'વિસડન'માં પણ આણંદજીભાઈએ સુધારા કરાવ્યા છે. 'વિસડન'માં લખ્યું હતું કે દુલિપસિંહે ઇંગ્લૅન્ડમાં પ્રથમ કક્ષાના ક્રિકેટમાં ૫૦ સદી કરી હતી, પણ આણંદજીભાઈએ પૂરી ગણતરી સાથે કહ્યું કે કુલ ૪૯ સદી કરી હતી અને એ વાત 'વિસડન'ને સ્વીકારીને સુધારો કરવો પડ્યો.

મને યાદ છે કે આ જ દુલિપસિંહજીએ એક વાર આ કાબેલ આંકડાશાસ્ત્રી પર પ્રસન્ન થઈને એમને કૉમેન્ટ્રી સમયે સર ડૉન બ્રેડમૅનનું વિખ્યાત પુસ્તક 'આર્ટ ઑફ ક્રિકેટ' ભેટ આપ્યું હતું અને પ્રત્યેક નૂતન વર્ષે આણંદજીભાઈ ડોસાના શુભેચ્છા પત્ર પર હંમેશાં કોઈ ક્રિકેટરનો ફોટોગ્રાફ જોવા મળતો હતો.

૨૦૧૩ની ૧૧મી નવેમ્બરે આણંદજીભાઈ ન્યૂયૉર્કમાં રહેતી એમની મોટી પુત્રી કુંજલતા ધીરેન્દ્ર આશરને ત્યાં સ્થાયી રૂપે રહેવા માટે ગયા. એ સમયે પણ આ નમ્ર અને હસમુખા માનવીએ લખેલા પત્રમાં એમનો સાર્થક જીવન જીવ્યાનો આનંદ જોવા મળતો હતો અને ત્યારે મને સ્મરણ થયું કે એક વાર આણંદજીભાઈને અંગત રીતે પૂછ્યું હતું, 'તમે પુનર્જન્મમાં માનતા હો તો આવતા જન્મમાં શું થવા ચાહો છો ?' ત્યારે આણંદજીભાઈ ડોસાએ હસીને કહ્યું, 'બસ, ફરી આણંદજી ડોસા તરીકે જ જન્મ લઉં.'

ગયે વર્ષે ૧૧મી નવેમ્બરે અમેરિકા ગયેલા આણંદજીભાઈ ૨૨મી સપ્ટેમ્બર, ૨૦૧૪ ને સોમવારના રોજ અવસાન પામ્યા. ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટને ચીવટભર્યાં, પ્રમાણભૂત લખાણો લખનાર અને પરામર્શન કરનારની ઘણી મોટી ખોટ પડી છે.

– કુમારપાળ દેસાઈ

# કામિયાબીની દિશામાં

વિદેશનીતિ ક્યારેય સ્થગિત કે સ્થિર હોઈ શકે નહીં. સમય અને સંજોગો બદલાય તેમ રાષ્ટ્રીય હિતો પણ બદલાતાં રહેતાં હોવાથી વિદેશનીતિમાં પરિવર્તન આવે તે સ્વાભાવિક છે. નરેન્દ્ર મોદીને ભારતના વડાપ્રધાન બન્યાને ૧૨૦ દિવસનો સમય પૂરો થયો છે. ભૂતાન, નેપાળ, જાપાન અને છેલ્લે અમેરિકાનો પ્રવાસ ગોઠવીને તો બીજી તરફ ઑસ્ટ્રેલિયા અને ચીનના વડાઓ સાથે મંત્રણાઓ યોજીને વડાપ્રધાન તેમની અત્યંત તેજ ગતિની મુત્સદ્દીગીરી(હાઈસ્પીડ ડિપ્લોમસી)નો તથા સ્પષ્ટ વિઝન સાથેની વિદેશનીતિનો પરિચય કરાવી રહ્યા છે. સાથે એ ન ભૂલીએ કે ભારતની અવકાશ સંશોધન સંસ્થા 'ઇસરો' સાતત્યપૂર્વક સફળતા સાથે આગળ વધી રહી છે. અમેરિકા-ચીનની તુલનાએ નાના બજેટ છતાં તેણે અભૂતપૂર્વ સિદ્ધિ મેળવીને આપત્તિને અવસરમાં પલટી બતાવી છે. અવકાશી સંશોધકો અને ઇજનેરો તેમનું કામ સર્વોત્તમ રીતે કરવાની ટેવ ધરાવે છે. 'મિશન મંગળે' ભારતની યશોગાથાને ચાર ચાંદ લગાવી દીધા છે ત્યારે પરિપૂર્ણ ભારતીયતાના ચાહક વડાપ્રધાન 'પડોશી પહેલો' એ ન્યાયે વિદેશનીતિના ક્ષેત્રને તેમની આગવી રીતે નવેસરથી કંડારી રહ્યા છે. તેમના શપથગ્રહણ સમારોહમાં 'સાર્ક' દેશોને આમંત્રિત કરી તેમણે વિદેશ સંબંધોની નવી દિશાનો પરિચય કરાવ્યો છે.

ભૂતાન અને નેપાળ તો વર્ષોથી સાખ-પડોશી મિત્ર દેશો છે. પરંતુ જાપાનના પ્રવાસ દ્વારા આર્થિક વિકાસના તેમના ઇરાદાને તેમણે દૃઢતાથી વ્યક્ત કર્યો છે. 'દુશ્મનનો દુશ્મન મિત્ર' એવી ચાણક્યનીતિ પણ તેમાં ઊંડે ઊંડે ધરબાયેલી છે. ચીન જો પાકિસ્તાનને મિત્ર બનાવી શકે તો ભારત જાપાન સાથે હાથ મિલાવી શકે. એશિયામાં સમૃદ્ધ અર્થતંત્ર ધરાવનાર જાપાન-ચીન સંબંધો એક નાજુક તબક્કામાંથી પસાર થઈ રહ્યા છે ત્યારે જાપાનની મિત્રતા દ્વારા વિદેશનીતિનું ભારતનું પલ્લું મજબૂત બને છે.

ભારત-ચીન સંબંધોની વાત કરીએ તો સ્પષ્ટ છે કે ૧૯૧૪થી (એટલે કે પ્રથમ વિશ્વયુદ્ધના આરંભથી) સર હેનરી મેકમોહન અને તિબેટ વચ્ચે એક સમજૂતી થયેલી. તેથી મેકમોહન રેખાથી સરહદો અંકાઈ. આથી જ ચીને તિબેટ પર કબજો જમાવ્યો અને ભારતે દલાઈ લામાને આશ્રય આપ્યો. ત્યારથી બંને દેશો વચ્ચે વાંધો ચડાવવાની સ્પર્ધા શરૂ થઈ. ૧૯૬૨નું ચીની આક્રમણ ચીનાઓને 'ભાઈ' ન ગણી શકાય તે પાઠ આપણને શીખવતું ગયું. આ લડાઈ ભારતે યુદ્ધની કાબેલિયતને ધોરણે લડવાને બદલે ભાવુકતાને ધોરણે લડી. ભાવુકતાને વિદેશનીતિમાં કોઈ સ્થાન હોતું જ નથી. ચીની રાજકીય નેતાઓ અને સામ્યવાદી પક્ષોમાં વાણીવિલાસને કોઈ સ્થાન હોતું જ નથી તેમ ભાવુકતાને પણ સ્થાન હોતું નથી. નરી, નક્કર વાસ્તવિકતા અને સ્વદેશનાં હિતો જ ચરમસીમાએ કામ કરતાં હોય છે.

લેહ અને લદાખના દુર્ગમ વિસ્તારોની પ્રજા સડક, પાણી અને વીજળી જેવી સુવિધાઓ માટે તડપતી હોય છે. ૧૯૬૨ પછીનાં પચાસ વર્ષોમાં અહીં જે કામ થવું જોઈએ તે થયું નથી. આ સંદર્ભમાં વડાપ્રધાને પૂર્વોત્તર રાજ્યો માટેનું અલગ મંત્રાલય રચવાની વાત કરી છે તે ઘણી આવકાર્ય અને સમયોચિત છે; પરંતુ આ પાંચ દશકોમાં ચીને તેની તાકાત અનેકગણી વધારી છે. તેણે લ્હાસા સુધીની રેલવેલાઇન ઊભી કરી છે. પહાડી વિસ્તારોનું રેલવેમાળખું વિસ્તારવા સાથે હિંદી મહાસાગરના વિસ્તારોમાં મજબૂત પકડ ઊભી કરવા તે સક્રિય છે. તેની આ નવી દિશાઓને યુદ્ધથી નહીં પણ મુત્સદ્દીગીરીથી ખાળી શકાય. ૧૯૬૨ પછી અટલવિહારી વાજપેયી, રાજીવ ગાંધી અને મનમોહન સિંહ એક બાબતે સ્પષ્ટ હતા કે 'સતર્ક રહો, વિવાદાસ્પદ મુદ્દાઓ પર અધિકારીઓને વાર્તાલાપ કરવા પ્રેરો અને યુદ્ધની તૈયારી રાખો.' આ નેતાઓ સીમાવિવાદ ઉકેલવા માટે પડી ગયેલી ગાંઠોને ઉકેલીને આગળ વધવા માંગતા હતા. આ સંદર્ભમાં શી જિનપિંગની અસાધારણ મહેમાનગતિને સમજવી જરૂરી છે. મનમોહન સિંહની ચીનની મુલાકાત વેળા ચીને પણ ભારતીય વડાપ્રધાન અને પત્રકાર સમૂહને ઉષ્માભર્યો, અસાધારણ આવકાર આપ્યો હતો. એ જ રીતે શી જિનપિંગ સાથે મહેમાનગતિ દ્વારા નજદીકતા ઊભી કરવાનો પ્રયાસ માત્ર થયો. કદાચ કંઈક ફરક પડે. અન્યથા તો પરિસ્થિતિ છે તેમજ રહેવાની. પ્રજા તરીકે શી જિનપિંગના પ્રવાસથી ભારત-ચીન વચ્ચે સુધરેલા સંબંધોના હવાઈકિલ્લા ન જ ચણી શકાય, ન જ ચણવા જોઈએ. આપણે સરહદો પર પૂરી સાવધાની અને સાવચેતી રાખવી જ પડશે. ચીનની વિશ્વાસપાત્રતા પર લાગેલું પ્રશ્નાર્થચિહ્ન આજેય જેમનું તેમ છે. સામાન્ય પ્રજાજન આ વાત સમજતો હોય તો વડાપ્રધાન બેધ્યાન કે ગાફેલ હોઈ શકે ખરા ? ચીન અને ભારત સરહદરેખા વિશે કે પેલી મેકમોહન રેખા બાબતે એકમતી ધરાવતા નથી. તેમાં ઘણાં સ્થાનો એવાં છે જ્યાં સૈનિકોની હાજરીને ચીન તેનો અધિકાર ગણે છે અને ભારત તેને ઘૂસણખોરી ગણે છે. વિવાદ તો ઊભો જ છે. ચીનની વિદેશનીતિ આ લટકતા ગાજરની લાલચે પણ ચાલે છે.

આ બધાંથી મોટી વાત આર્થિક લાભોની છે. વિદેશનીતિ અને કૂટનીતિ દ્વારા વધુમાં વધુ આર્થિક લાભ ઊભા કરવા ચીન ઉત્સુક છે. તે મોટા પાયે વિદેશોમાં મૂડીરોકાણ ઇચ્છે છે. ભારતનું બજાર તેને માટે ભારે મોટું પ્રલોભન છે. એશિયા-આફ્રિકાના ગરીબ દેશોમાં માળખાકીય સુવિધાઓ ઊભી કરવા અને તેનાં બજારોનો લાભ લેવા ચીન અઢળક અમેરિકી ડૉલર વેરી રહ્યું છે. લાંબે ગાળે આર્થિક મદદ ચીનને નવાં થાણાં પૂરાં પાડે એવી સૂક્ષ્મ ગણતરીએ કદાચ તે પાછળ કામ કરી રહી છે. એટલે તેની દાનત અંગે સભાન અને સાશંક રહેવું જ જોઈશે. નદીઓના પાણીની બાબત પણ ચીનને પ્રભુત્વની અપેક્ષા છે. તેના એ ચક્રવ્યૂહમાં ન ફસાવું તે આપણી મુત્સદ્દીગીરીભરી સમજદારીનો વિષય છે.

આ પૂરા સંદર્ભમાં મોદીની અમેરિકાની મુલાકાત એક કાંકરે ઘણાં પક્ષીને પ્રભાવિત કરનારી નીવડશે. વ્યાપારથી માંડીને આતંકવાદને આવરી લેતો વ્યાપ તે ધરાવે છે. અમેરિકાના પ્રમુખ બરાક ઓબામા, ઉપપ્રમુખ જો બિડેન, ગૃહમંત્રી જહોન કેરી, સંરક્ષણમંત્રી ચુક હેગલ અને અધ્યક્ષ (સ્પીકર) જહોન બોહનર સાથે વાર્તાલાપ થશે. ન્યૂયોર્ક અને વોશિંગ્ટનના ઉદ્યોગજગતના સત્તર બહુરાષ્ટ્રીય ધરખમ વડાઓને તેઓ મળશે. મેડીસન સ્કેવર અને સેન્ટ્રલ પાર્ક ખાતે જાહેર સભાઓને તેઓ સંબોધવાના છે. યુનાઇટેડ નેશન્સ ખાતે તેની સામાન્ય સભાને હિન્દીમાં સંબોધીને તેના મહામંત્રી બાન-કી-મૂનની મુલાકાત લેવા સાથે બાંગ્લાદેશ, શ્રીલંકા અને નેપાળના નેતાઓ જ નહીં પરંતુ વિશ્વના અન્ય નેતાઓને મળીને શાંતિ અને આર્થિક નીતિઓ વિશે નક્કર દરખાસ્તો માટે તેઓ કદમ માંડશે. અલબત્ત, આ મુલાકાતોની કામિયાબી બીજાં ઘણાં પરિબળો પર આધાર રાખે છે. કેટલી કામિયાબી મળશે તે તો માત્ર આવનારો સમય જ કહી શકશે.

— રક્ષા મ. વ્યાસ

---

(ચૌદમા પાનાનું ચાલુ)

ભારતમાં પણ ઉચ્ચ શિક્ષણના ક્ષેત્રે છેલ્લા ત્રણેક દસકા દરમિયાન મોટાં પરિવર્તનો આવ્યાં છે. તબીબી, ઇજનેરી આદિ વ્યાવસાયિક શિક્ષણ સ્વનિર્ભર નામે ઓળખાતી ખાનગી કોલેજોના હવાલે કરી દેવામાં આવ્યું છે અને મોટી સંખ્યામાં સ્વનિર્ભર કોલેજો બિલાડીના ટોપની જેમ ફૂટી નીકળી છે. ખાનગી યુનિવર્સિટીઓને માન્યતા આપવામાં આવતાં તેમની સંખ્યા પણ ઝડપથી વધી રહી છે. છેલ્લા બેત્રણ દસકા દરમિયાન ઝડપથી વિસ્તરેલા અર્થતંત્રની માનવસંસાધન માટેની જરૂરિયાત વધુ ને વધુ વૈવિધ્યપૂર્ણ બની રહી છે. બીજી બાજુ પ્રાથમિક અને વિશેષ કરીને માધ્યમિક શિક્ષણ લેતા વિદ્યાર્થીઓની સંખ્યામાં મોટો વધારો થઈ રહ્યો છે, જે સમય જતાં ઉચ્ચ શિક્ષણમાં પ્રવેશશે. તેમના માટે વધુ સંસ્થાઓ અને વૈવિધ્યપૂર્ણ અભ્યાસક્રમોનું માળખું રચવાનું છે.

આ બદલાયેલી પરિસ્થિતિને અનુરૂપ સર્વગ્રાહી શિક્ષણનીતિ તૈયાર કરવાની છે તેમજ નવા સંસ્થાકીય માળખાને અનુરૂપ નવી નિયંત્રક સંસ્થાઓ રચવાની છે. સરકારી અનુદાન પર ચાલતી યુનિવર્સિટીઓ અને સંલગ્ન કોલેજોના સંદર્ભમાં રચાયેલું યુનિવર્સિટી અનુદાન આયોગ સ્વનિર્ભર ખાનગી યુનિવર્સિટીઓ અને સ્વનિર્ભર કોલેજોના સંદર્ભમાં ૨૧મી સદીમાં કાલગ્રસ્ત થયું છે. તેથી યુજીસીને તેમજ તેની સાથે સંકળાયેલી અન્ય નિયંત્રક સંસ્થાઓને આટોપી લઈને નવા સ્વરૂપની અને નવી કાર્યશૈલી સાથેની સંસ્થાઓ રચવી તે સમયનો તકાદો છે.

— રમેશ શાહ

વિજ્ઞાન

# ભારતનું આંતરગ્રહ અવકાશમાં યશસ્વી પગરણ

ઇસરોની 'માર્સ ઓર્બિટર મિશન' અર્થાત્ 'મંગળયાન'ની સફળતા પછી તેના પ્રોજેક્ટ ડાયરેક્ટર એસ. અરુણનને પૂછવામાં આવતાં તેમણે કહ્યું કે 'અમે અમારા સ્વપ્નમાં જીવી રહ્યા છીએ. હું મારા સ્વપ્નમાં જીવી રહ્યો છું. અવકાશયાનની ડિઝાઇન, વૈજ્ઞાનિક સાધનોને તેમાં સંકલિત કરવા અને અવકાશયાનને બિલકુલ તૈયાર કરતાં માત્ર ૧૫ મહિનાનો ગાળો ગયો હતો. તેની ફલશ્રુતિ રૂપે ૫મી નવેમ્બર, ૨૦૧૩ના રોજ પૃથ્વી પરથી પીએસએલવી(પોલર સેટેલાઇટ લોંચ વેહીકલ)ની સવારીએ ઉડાન ભરી હતી. અમેરિકા, રશિયા, યુરોપીય સંઘ, જાપાન, ચીનના રોકેટ જેટલું શક્તિશાળી નથી તેમ છતાં ભારતના વૈજ્ઞાનિકોએ નવી ટેક્નોલોજી વાપરી સીધેસીધું મંગળ પ્રતિ રવાના કરવા બદલે પ્રથમ પૃથ્વીની દીર્ઘવૃત્તીય કક્ષામાં મૂકવામાં આવ્યું. તે પછી દરેક કક્ષા પૂરી થાય ત્યારે ઊંચે ધકેલાતુ ગયું. જ્યારે તે નિષ્ક્રમણ વેગ એટલે કે સેકન્ડના ૧૧.૨ કિમી. (Escape velocity) ધરાવતું થાય ત્યારે એ પૃથ્વીના ગુરુત્વની પકડમાંથી છટકી શકે. તે વખતે દીર્ઘવૃત્તીય કક્ષાનું નજીકમાં નજીકના બિંદુએથી તે દૂરમાં દૂરના બિંદુએ ૧,૧૨,૮૭૪ કિમી. પહોંચ્યું હતું ત્યારે ૩૦મી નવેમ્બરે તે સૂર્ય ફરતે દીર્ઘવર્તુળાકારમાં પરિભ્રમણ કરતાં અર્ધપરિભ્રમણ પૂરું કરે છે ત્યારે ૩૦૦ દિવસ પૂરા થાય છે ત્યારે તે મંગળની કક્ષામાં જોડાય છે અને મંગળ ફરતે પરિભ્રમણ કરવા લાગે છે.

મંગળ તરફ હાલની ટેક્નોલોજી પ્રમાણે મંગળ, પૃથ્વી અને સૂર્યની દર ૭૮૦ દિવસે એવી સ્થિતિ આવે છે ત્યારે અવકાશયાનને છોડવાથી તેણે ઓછામાં ઓછું અંતર કાપવું પડે છે. ઈંધણ ઓછું વપરાય છે. આ રીતે મંગળયાને ચોસઠ કરોડ અને છસો સિત્યોતેર લાખ કિલોમીટર વક્રપથ કાપ્યો હતો.

મંગળથી પૃથ્વી પર પહોંચતાં રેડિયોસંકેતોને જે સમય લાગે છે તેટલો જ પ્રકાશને લાગે છે. તેથી મંગળથી પૃથ્વી સુધી રેડિયોસંકેતો પહોંચતાં બાર મિનિટથી થોડો વધારે સમય લાગે છે. આ રીતે મંગળ અને પૃથ્વી વચ્ચે સંદેશાની આપલે માટે ચોવીસ મિનિટથી થોડો વધારે સમય લાગે છે.

મંગળની યાત્રાએ જુદા જુદા દેશોએ ૫૧ યાનો મોકલ્યાં છે. તે પૈકી ૨૧ યાનો પોતાના મિશનમાં સફળ થયાં છે. ૫૧ પૈકી ૨૧ ઓર્બીટર યાનો હતાં તેમાંથી નવ સફળ થયાં છે. મંગળયાન ઓર્બીટર યાન છે તેની સફળતાથી સફળયાનોમાં એકનો વધારો થયો છે. જે યાનો મંગળ તરફ ગયાં છે તે જુદાં જુદાં યાનો છે. તે લેન્ડર યાનો , ઓર્બીટર યાનો, ફલાયબાય યાનો હતાં. લેન્ડર યાનોમાં રોબોટ યાનો પણ હતાં.

મંગળયાને મંગળની સપાટીથી ૩૭૫ કિમી. અંતરે અને સૌથી દૂરના બિંદુ ૮૦,૦૦૦ કિલોમીટર અંતરે રહી મંગળયાન પરિભ્રમણ કરતું રહેશે. મંગળયાન અર્થાત્ 'મોમ' એક વર્ષ સુધી મંગળની કક્ષામાં પાંચ પ્રકારનાં સાધનોથી ખોજ કરતું રહેશે. તેમાં જે સાધનો મૂકેલાં તેનાં નામ છે : (૧) લીમન આલ્ફા ફોટોમીટર (લેપ) (૨) મિથેન સેન્સર (૩) માર્સ એક્ઝોસ્ફેરિક ન્યુટ્રલ કમ્પોઝિશન એનેલાઇઝર (મેનકા) (૪) માર્સકલર કેમેરા (૫) ઇન્ફ્રારેડ સ્પેક્ટ્રોસ્કોપી ફોર માર્સ (પ્રિઝમ).

તે બધાં સાધનો મજબૂત પણ નાજુક અને ચોક્કસ છે. તે બધાંનું મળીને વજન ૧૪.૪૯ કિલોગ્રામ છે.

આ સાધનો પૈકી ત્રણ અમદાવાદમાં બનેલાં છે, બાકી બે અન્યત્ર પણ ભારતમાં બનેલાં છે. તે બધાં કાર્યરત થઈ ગયાં છે. તેમાં પણ માર્સ કલર કેમેરા સુંદર તસવીરો મોકલી રહેલ છે. આજ સુધીમાં (૩૦ સપ્ટેમ્બર) ૧૬ તસવીરો મોકલી છે. મંગળ પર સૂક્ષ્મજીવન પણ અસ્તિત્વમાં હોય તો તો મિથેન વાયુ તેના વાતાવરણમાં મળવો જોઈએ પણ હજુ સુધી મિથેન વાયુ મળેલ નથી.

મંગળને બે ચંદ્રો પણ છે. બંને ખડકના મોટા ટુકડા છે. એકનો વ્યાસ ૨૭ કિલોમીટર અને બીજાનો વ્યાસ ૧૫ કિલોમીટર છે. મંગળનો પોતાનો વ્યાસ પૃથ્વી કરતાં અડધો ૬,૮૦૦ કિમી. છે. મંગળ પર બહુ પાતળું વાતાવરણ છે. તેનું દબાણ પૃથ્વીના વાતાવરણના દબાણ કરતાં માત્ર એક ટકો છે. મંગળનું તાપમાન શૂન્યની આસપાસ રહે છે. વિષુવવૃત્ત પર તે ૭૦ અંશ ફેરનહાઇટ સુધી પહોંચે છે. આ તાપમાન ખુશનુમા કહી શકાય. વાતાવરણમાં ૯૦ ટકા કાર્બન ડાયોક્સાઇડ છે. તેનો દિવસ ૨૪ કલાક ૩૭ મિનિટ અને ૨૨.૬ સેકન્ડ છે તે પોતાની ભ્રમણકક્ષાના સમતલ સાથે ૨૫ અંશનો ખૂણો બનાવે છે.

મંગળયાનથી ભારતનો આંતરગ્રહીય યાત્રાનો સિલસિલો શરૂ થયો છે. હવે ઇસરો મંગળની બીજી બાજુ આવેલી સુંદરતાની દેવી ઘટાટોપ વાદળાઓના ઘૂંઘટવાળા શુક્ર તરફ 'શુક્રયાન' મોકલવાની ઇચ્છા ધરાવે છે. શુક્રના વાતાવરણનું દબાણ પૃથ્વી કરતાં નેવું ગણું છે. તેમાં ઍસિડનાં ટીપાં ઝરે છે. તેનું તાપમાન ૪૫૦ અંશ સેલ્સિયસ જેટલું છે. ૨૦૨૦માં ખાસ પ્રકારનું યાન મોકલવાની વિચારણા છે. તે પહેલાં ૨૦૧૬માં ચંદ્રયાન–૨ મોકલનાર છે તે લૅન્ડર યાન છે. તે રોવર યાનને ચંદ્રની સપાટી પર ઉતારશે. ૨૦૧૮માં મંગળયાન–૨ મોકલવાનું આયોજન છે.

– વિહારી છાયા

# ઉત્તમ પ્રયોગશીલ દસ્તાવેજી ચિત્ર



ડેવીડ આબેલવિચ કોફમેન (ઉપનામ : ઝીગા વર્તોવ)

માણસ સ્વભાવથી જ પ્રયોગશીલ અને પ્રયોગખોર પણ છે. જીવનમાં કે બહાર એને એકવિધતા પસંદ જ નથી. એટલે જ કલા, સાહિત્ય કે ફિલ્મનાં ક્ષેત્રોમાં એવા એવા તબક્કા આવ્યા છે જે દરમિયાન જે તે માધ્યમમાં અકલ્પ્ય પ્રયોગો થયા છે. ફિલ્મમાં આવેલો આ તબક્કો એટલે ૧૯૨૦થી ૧૯૩૦નો સમયગાળો. આમ જુઓ તો ૧૮૯૫-૯૬માં શરૂ થયેલી ફિલ્મની કળાને હજી માંડ ૨૫ વર્ષ થયાં હતાં. પણ આ ગાળામાં આખા વિશ્વમાં આ માધ્યમમાં એડિટિંગ, કેમેરાની ભાષા અને અન્ય ટેક્નિકમાં એટલો બધો વિકાસ થયો કે જાણે આ માધ્યમ હવે સ્થાયી થઈ ચૂકેલું લાગે.

એક બાજુ અમેરિકામાં ગ્રીફિથ અને ચેપ્લીન અદ્‌ભુત ફિલ્મો બનાવતા હતા, જર્મનીમાં ફ્રિઝ લૅંગે મેટ્રોપોલિસ જેવી ફિલ્મ બનાવી તો રશિયામાં પણ આઇઝેનસ્ટાઇન અને પુડોવકીને તો ફિલ્મનું આખું વ્યાકરણ આપી દીધું. ઇંગ્લૅન્ડ એની નબળી આર્થિક સ્થિતિને કારણે પછાત રહ્યું છતાં પણ હિચકોકે આ જ ગાળા દરમિયાન Mail નામની ફિલ્મ બનાવી. ફ્રાંસમાં તો ચિત્રકલા, સાહિત્ય અને ફિલ્મક્ષેત્રે અદ્‌ભુત પ્રયોગો થયા.

આ જ સમયગાળામાં ઉત્તમ દસ્તાવેજી ફિલ્મો પણ બની અને એમાં પણ મોખરે રહ્યું રશિયા. અહીં ફિચર ફિલ્મમાં આઇઝેનસ્ટાઇન અને પુડોવકીનની હાક વાગતી હતી તો દસ્તાવેજી ફિલ્મમાં મોટું ગજું કાઢી ચૂકેલા ઝીગા વર્તોવની હાક વાગતી હતી.

વર્તોવનો જન્મ ૧૮૯૬માં ૨જી જાન્યુઆરીએ. જન્મસ્થળ બાયસ્તોક, જે હાલ પોલૅન્ડમાં છે. એનું મૂળ નામ ડેવિડ આબેલવિચ કોફમેન. એણે ઉપનામ રાખેલું ઝીગા વર્તોવ. એનું સૌથી વધુ નોંધપાત્ર કામ છે 'મેન વિથ એ મૂવી કેમેરા'. વિશ્વપ્રસિદ્ધ ફિલ્મ સામયિક 'સાઇટ એન્ડ સાઉન્ડ'ના ૨૦૧૨ના ૩૦૦ જેટલા ફિલ્મ-વિવેચકોના ઓપિનિયન પોલ પ્રમાણે આ દસ્તાવેજી ચિત્ર વિશ્વમાં અત્યાર સુધી બનેલી ફિલ્મોમાં શ્રેષ્ઠ આઠમી ફિલ્મ હતી. વર્તોવની પત્ની ઇલિઝાવેટા સ્વીલોવા અને ભાઈ મીખેઇલ કોફમેન પણ

નોંધપાત્ર ફિલ્મ-સર્જકો હતાં. ઇલિઝાવેટા ખૂબ સારી એડિટર હતી અને 'મેન વિથ એ મૂવી કેમેરા' ફિલ્મ એણે જ એડિટ કરેલી.

કાવ્યસર્જનથી શરૂઆત કરનાર વર્તોવે ફિલ્મમાં ધ્વનિના પણ ઘણા પ્રયોગો કરેલા. ૧૯૧૭ની બોલ્શેવિક ક્રાંતિ પછી વર્તોવે મોસ્કો સિનેમા કમિટીના અઠવાડિક ફિલ્મ સિરીઝ 'કિનો નેડ લ્યા'નું એડિટિંગ શરૂ કર્યું ત્યારે એમની ઉંમર માત્ર ૨૨ વર્ષની હતી. રશિયાની આ સૌપ્રથમ ન્યૂઝરીલ સિરીઝ હતી. એવી જ ન્યૂઝરીલ સિરીઝ એણે લેનિન કિનો પ્રવદા બનાવી હતી. આ સિરીઝમાં એણે જે રીતે, જે એંગલથી અને કેમેરાની જે ભાષાનો ઉપયોગ કરેલો લગભગ એ જ પદ્ધતિ આજે પણ ચાલુ છે.

એની અન્ય ફિલ્મો છે 'કિનો આઈ', 'સ્ટ્રાઇડ' સોવિયેત, અર્થ (૬ ભાગ), 'ધ ઇલેવન્થ', 'ડોનબાસ સિમ્ફની', 'થ્રી સોંગ ઓફ લેનિન' અને છેલ્લે ૧૯૪૪થી ૫૪ દરમિયાન 'ન્યૂઝ ઓફ ધ ડે' (૫૫ ભાગ) બનાવ્યા હતા.

તો હવે વાત કરીએ 'મેન વિથ એ મૂવી કેમેરા'ની. વર્તોવ પોતે આને પ્રયોગલક્ષી ફિલ્મ કહે છે. એ કહે છે કે 'હું સિનેમાની બધી નાટકીય અને અવાસ્તવિક પદ્ધતિઓથી કંટાળી ગયો છું. ફિલ્મ તો કલાકારોના માથેથી, સ્ટુડિયોના છાપરેથી કૂદી સીધી જીવનના સત્યમાં જવી જોઈએ.' એ માનતો કે ફિલ્મે પ્રેક્ષકો સાથે સીધો સંબંધ સ્થાપવો જોઈએ અને આ ફિલ્મ એણે એ જ રીતે બનાવવા પ્રયત્ન કર્યો છે અને એણે એ હદ સુધી પ્રયોગો કરવા માંડ્યા કે વિવેચકો તેને ગાંડો ગણવા લાગ્યા.

એ કહેતા, જીવન જેવું છે એવું જ બતાવો. એમાં એ હદે વાત લઈ જાવ કે કેમેરાની ઉપસ્થિતિ પણ ના વર્તાય. આકસ્મિક અને ચોંકાવી દે એ રીતે શૂટિંગ કરો. આ રીતે



દસ્તાવેજી ચિત્રનું એક દૃશ્ય

એણે 'મેન વિથ એ મૂવી કેમેરા'માં આખું રશિયા દર્શાવવાનો પ્રયત્ન કર્યો છે. તમે મનમાં ઉતારેલું ચિત્ર સત્ય અને પ્રામાણિક હોવું જોઈએ. એણે આ ફિલ્મ દ્વારા નવી જ કલાને ઉપસાવવાનો પ્રયત્ન કર્યો. પહેલાં તો આ ફિલ્મમાં રશિયા બતાવવાનો હેતુ હતો પણ પછી તો શૂટિંગની પ્રક્રિયા દરમિયાન એ હેતુ પણ એણે કાઢી નાખ્યો. અને માત્ર પ્રતીકો અને કલ્પનો શૂટ કરવા માંડ્યાં. પોતાની આ ફિલ્મને એ પોતે "Creation of an image-oriented journalism" કહે છે. સ્લો મોશન, ફાસ્ટ મોશન, ટ્રેકિંગ શોટ, ટ્રૉલી કે ડોલી શોટ પેનિંગ વગેરે ટેક્નિકથી એ સતત 'કલ્પન'નું વિશ્લેષણ અને પૃથક્કરણ કર્યા કરતો. ફિલ્મના સત્ય કરતાં ફિલ્મમાં સોવિયેત યુનિયનનું સત્ય અભિવ્યક્ત થવું જોઈએ. આ ફિલ્મમાં એણે સાહિત્ય, રંગભૂમિ અને તત્કાલીન ફિલ્મની ભાષાને અતિક્રમી નવી જ, પોતાની ભાષા, પોતાના Idiums ઊભા કરવાનો પ્રયત્ન કર્યો છે.

વર્તોવની વિચારસરણી અને ફિલ્મ બનાવવાની ટેક્નિકથી અમેરિકા, ઇંગ્લૅન્ડ, જર્મની અને કૅનેડાના અસંખ્ય દિગ્દર્શકો પ્રભાવિત થયેલા છે. એના જ નામનો ઉપયોગ કરી ઘણા નિર્માતાઓએ પોતાની કંપની પણ ખોલી છે. યુ.કે.ની 'ધ ફ્રી સિનેમા મૂવમેંટ', ઉત્તર અમેરિકાની 'ડાયરેક્ટ સિનેમા મૂવમેંટ', કૅનેડાની 'કેન્ડીડ આઈ સિરીઝ' વગેરે સીધી જ વર્તોવની ઋણી છે.

આજે પણ આ વિશ્વમાં એમની ફિલ્મોના 'રેટ્રોસ્પેક્ટીવ શો', એમના લેખો અને પુસ્તકોના અભ્યાસ અને ચર્ચાનાં આયોજન થાય છે.

આ મહાન દિગ્દર્શકનાં કેટલાંક વિધાનો પણ અત્યંત મનનીય છે : જેમ કે, 'સત્ય તો ખૂબ સાદું હોય છે; પરંતુ એને એટલી સાદાઈથી અભિવ્યક્ત નથી કરી શકાતું.'

— હું એક એવું યંત્ર છું જે વિશ્વને એ દર્શાવવા માગે છે જે માત્ર ને માત્ર એકલો હું જ જોઈ શકું છું.

— જેને કલાની સહેજ પણ દરકાર છે એ પોતાની આગવી ટેક્નિક શોધવાનો પ્રયત્ન કરશે.

— આપણી આંખો ખૂબ જ ઓછું અને ખૂબ ખરાબ જુએ છે. એટલે જ તો માનવે ટેલિસ્કોપ અને સિનેકૅમેરા શોધ્યા જે દૃશ્ય-વિશ્વમાં વધુ ને વધું ઊંડે જઈ શકે.

તો આ મહાન દિગ્દર્શકની એટલી જ મહાન ફિલ્મ 'મેન વિથ એ મૂવી કેમેરા' ડીવીડીમાં પણ ઉપલબ્ધ છે અને યુ-ટ્યૂબ ઉપર પણ જોઈ શકાય છે. દરેક ફિલ્મરસિક પ્રેક્ષકે એ અચૂક જોવી.

— સુભાષ શાહ

# કાલગ્રસ્ત યુનિવર્સિટી અનુદાન આયોગ (યુજીસી)

કેન્દ્રમાં રચાયેલી મોદી-સરકારે છ દસકાથી અધિક જૂના આયોજનપંચને આટોપી લેવાના નિર્ણયની જાહેરાત કરી દીધી, જોકે એના સ્થાને નવી સંસ્થા કેવી હોવી જોઈએ તે માટે નાગરિકો પાસેથી સૂચનો માગવામાં આવ્યાં છે. મતલબ કે આયોજનપંચનું સ્થાન લેનાર સંસ્થાના સ્વરૂપ અને તેની ભૂમિકા વિશે સ્પષ્ટ થયા વિના જ આયોજનપંચને વિખેરી નાખવાનો નિર્ણય કરી લેવામાં આવ્યો છે, કેમ કે દેશે ૧૯૯૧ પછી જે બજારપ્રથા અપનાવી લીધી છે તેમાં આયોજનપંચ તેના મૂળ સ્વરૂપે અપ્રસ્તુત બની ગયું છે.

નહેરુયુગમાં શરૂ થયેલી એવી જ બીજી પ્રસિદ્ધ અને વિવાદાસ્પદ બનતી જતી સંસ્થા યુનિવર્સિટી અનુદાન આયોગ(યુજીસી)ને તેના મૂળસ્વરૂપે આટોપી લેવાનો કેસ પણ એટલો જ પ્રબળ છે. ૧૯૫૬માં પાર્લમેન્ટના કાયદા દ્વારા રચાયેલી આ સંસ્થાની ૨૦૦૨માં ઊજવાયેલી સુવર્ણજયંતી પ્રસંગે બોલતાં તત્કાલીન વડાપ્રધાન શ્રી અટલ બિહારી વાજપેયીએ જૂના થયેલા યુજીસીનું નવું નામાભિધાન કરવાનું સૂચવ્યું હતું. તેમણે ૨૧મી સદીમાં શિક્ષણના ક્ષેત્રે ઊભા થયેલા નવા પડકારોને પહોંચી વળવા માટે યુજીસીનું નામ અને સ્વરૂપ બદલવાનું સૂચન કર્યું હતું. તેનું નવું નામ પણ તેમણે સૂચવ્યું હતું : 'યુનિવર્સિટી એજ્યુકેશન ડેવલપમેન્ટ કમિશન'.

૨૦૦૯ના વર્ષમાં યુપીએ સરકારના શિક્ષણમંત્રીએ યુજીસીને આટોપી લેવાની સરકારની યોજના જાહેર કરી હતી. તેના માટેનો એક ખરડો પણ ૨૦૧૧માં પાર્લમેન્ટમાં સરકારે રજૂ કર્યો હતો, પણ કેટલીક સંસ્થાઓ અને કેટલાંક રાજ્યોના વિરોધને કારણે એ ખરડાને પડતો મૂકવામાં આવ્યો હતો. તેમાં ઉચ્ચ શિક્ષણ અને સંશોધન માટેના સૂચિત પંચને વિશાળ સત્તાઓ આપવામાં આવી હતી.

એક હકીકત તરીકે અહીં એ નોંધવું જોઈએ કે યુકે (UK) – ઇંગ્લૅન્ડની જે યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિટીના નમૂના પર યુજીસી રચવામાં આવ્યું હતું તે કમિટીને યુકેમાં ૧૯૮૯માં વિખેરી નાખવામાં આવી હતી અને તેને ચાર પ્રાદેશિક (ઇંગ્લૅન્ડ, સ્કોટલૅન્ડ, વેલ્સ અને ઉત્તર આયર્લૅન્ડ) કાઉન્સિલોમાં વિકેન્દ્રિત કરવામાં આવી હતી. આ પૂર્વે બીજા વિશ્વયુદ્ધ પછી ઇંગ્લૅન્ડમાં શિક્ષણના યુનિવર્સિટી વિભાગના આયોજિત વિસ્તરણ માટેની ભૂમિકા તેને સોંપવામાં આવી હતી. આમ શિક્ષણક્ષેત્રે સર્જાતાં પરિવર્તનો સાથે શિક્ષણક્ષેત્રનું નિયંત્રણ કરતી સંસ્થાઓના સ્વરૂપને કે તેમના કાર્યક્ષેત્રને બદલવામાં આવે કે કાલગ્રસ્ત થયેલી સંસ્થાઓને આટોપી લેવામાં આવે એ પરિવર્તનની સાહજિક પ્રક્રિયા છે. કેવળ શિક્ષણ જ નહિ, સમાજજીવનનાં તમામ ક્ષેત્રોને આ મુદ્દો લાગુ પડે છે.

(અનુસંધાન આઠમા પાને)

## ગુલામમોહમ્મદ શેખ

# સર્જકતા અને વિદ્વત્તાનો સમન્વય

ચિત્રકાર અને કલાસમીક્ષક, કવિ અને નિબંધકાર ગુલામમોહમ્મદ શેખનો જન્મ સુરેન્દ્રનગરમાં ૧૯૩૭માં. ૧૯૫૫માં એસ.એસ.સી. (હાલનું અગિયારમું ધોરણ) થયા પછી કલાકાર રવિશંકર રાવળના પ્રોત્સાહનથી તેઓ વડોદરાની ફૅકલ્ટી ઑવ્ ફાઇન આર્ટ્સમાં વિદ્યાર્થી તરીકે જોડાયા. નારાયણ બેન્દ્રે, કે. જી. સુબ્રહ્મણ્યન્, શંખો ચૌધરી જેવા કળાકાર-અધ્યાપકો પાસેથી કળાને તથા જગતને પામવાની દૃષ્ટિ પામ્યા અને મથામણો કરતાં કરતાં પોતાની ક્ષિતિજ વિસ્તારતા રહ્યા.

અભ્યાસના આરંભના દિવસોમાં જ એમણે વડોદરામાં સાહિત્યકાર સુરેશ જોષીને ખોળી કાઢ્યા. ફાઇન આર્ટ્સ ફૅકલ્ટીમાં વિશ્વકળા અને આપણી વિધ વિધ દૃશ્યકળા-પરંપરાઓને જોવા-સમજવાની દિશા ખૂલતી ગઈ તેની સાથે જ સુરેશ જોષી, ભોગીલાલ ગાંધી આદિના સંગમાં વિશ્વસાહિત્યનો આસ્વાદ લેવાની બારી પણ ઊઘડી ગઈ. જ્યાં અભ્યાસ કર્યો ત્યાં જ વર્ષો સુધી કળા-ઇતિહાસ અને ચિત્રવિભાગોમાં અધ્યાપન કરી શેખસાહેબ દૃષ્ટિવન્ત શિક્ષક તરીકે સૌનો પ્રેમાદર પામ્યા છે.

અનુસ્નાતક પદવી મેળવ્યા પછીના વર્ષે ૧૯૬૨માં ગુલામમોહમ્મદ શેખે કરેલા 'પીછો' ચિત્રને રાષ્ટ્રીય પારિતોષિક મળ્યું. એ પછીના વર્ષે જ ટોકિયોમાં યોજાયેલા વિશ્વ-ત્રિવાર્ષિકી પ્રદર્શનમાં એમનું ચિત્ર સ્થાન પામ્યું. 'ત્રેસઠમાં કેટલાક યુવા કળાકારોએ 'ગ્રૂપ ૧૮૯૦'ની સ્થાપના કરી, જેના સ્થાપકસભ્યોમાંના તેઓ પણ એક હતા.

વીસમી સદીના ઉત્તરાર્ધમાં ભારતીય ચિત્રકળાક્ષેત્રે જે પરિવર્તનો આવ્યાં તેમાં હુસેન, સુઝા, રઝા, ગાયતોન્ડે પછીની પેઢીના વડોદરાના કળાકારો ભૂપેન ખખ્ખર, ગુલામમોહમ્મદ શેખ, જેરામ પટેલ, જ્યોતિ ભટ્ટ આદિનું પ્રદાન મહત્ત્વનું છે.

ગુલામમોહમ્મદ શેખે આરંભે ઘોડાઓનાં આલેખનો કર્યાં તે પછી અમૂર્તતાના સ્પર્શવાળાં, પોપકળા અને કૉલાજને અજમાવતાં ચિત્રો તેમણે આપ્યાં છે. 'પર્વત પર વૃક્ષ' પછી થયેલાં 'ઘેર જતાં', 'અવાક્ શહેર' (કટોકટી સામેના પ્રતિભાવ રૂપે થયેલું), 'દીવાલ' ચિત્રોને તરત જ યાદ કરી શકાય. કથનાત્મકતા ને આત્મકથનાત્મકતાના અંશો તથા જાતીય આવેગોની ચિત્રણામાંથી 'પ્રતીક્ષા અને પરિભ્રમણ' ધ્યાનથી આસ્વાદવા જેવું ચિત્ર છે. એમનાં ઘણાં ચિત્રો બહારના અને અંદરના વિશ્વને, અનેક સમયોને સાથે માણવાનું ઇજન ભાવકને આપે છે. ચિત્રફલકના વિભાજનમાં, રંગસંયોજનાના પ્રયોગોમાં, આકૃતિવિધાન તેમજ અવકાશ અને સ્થળની સંવેદનાના નિરૂપણમાં કળાકારનો નિજી સ્વર ભાવકને સ્પર્શે છે. તેઓ ઇટાલિયન અને ભારતીય લઘુચિત્રોના અંશોને તથા અન્ય કળાસંદર્ભોને પોતાનાં ચિત્રોની અનિવાર્યતા પ્રમાણે, નવા સંકેતો પ્રગટે એ રીતે પ્રયોજતા રહ્યા છે. 'વેચવાનું છે આ શહેર' શેખસાહેબનું નોંધપાત્ર ચિત્ર છે.

વડોદરામાં અને ભારતભરમાં થતા રહેલાં રમખાણો, હુલ્લડો સંદર્ભે વિચારશીલ અને સંવેદનશીલ કળાકારનો દૃષ્ટિકોણ આ ચિત્રમાં અનુભવાય છે. 'જીવનવૃક્ષ', 'કહત કબીર' શ્રેણીના અને 'મરીચિકા', 'તીર્થ', 'વર્ણમાળાની કથાઓ', 'બોલતી શેરી' ચિત્રોમાં પણ શેખસાહેબે વિવિધ દૃશ્યસંવેદના પ્રગટાવી છે. મધ્યપ્રદેશના વિધાનભવનના પ્રવેશદ્વારે શોભતું તેમનું મ્યૂરલ 'જીવનવૃક્ષ' અનેક સંદર્ભો સાથે ઝીણવટપૂર્વક જોવા, માણવા જેવું છે. આ ઉપરાંત રાજસ્થાન લોકપરંપરામાં હરતાંફરતાં દેવસ્થાનો 'કાવડ'થી પ્રેરાઈને તૈયાર કરાવેલાં આધુનિક 'કાવડ'ની અંદર, બહાર ને ઉપર ચિત્રણા વડે તેમણે વિલક્ષણ પ્રયોગ કર્યા છે. કમ્પ્યૂટર અને હાથની જુગલબંધી દ્વારા થયેલી 'મેપ્પામુંડી' (જગતનો નકશો) જૂથનાં ચિત્રોમાં તથા દોઢેક વર્ષ પૂર્વે ચીનમાં રજૂ થયેલી કૃતિ 'શહેર'માં શેખસાહેબ નોખી રીતે વ્યક્ત થતા જોઈ શકાય છે.

શેખસાહેબ ચિત્રપ્રદર્શનો, વ્યાખ્યાનો કે પરિસંવાદો નિમિત્તે દેશ અને દુનિયામાં ફરતા રહે છે. આજના મહત્ત્વના કળાકારોનું એક સ્વપ્ન હોય છે કે પૅરિસના જ્યોર્જ મોમ્પિદૂ સેન્ટરમાં તેમનું પ્રદર્શન થાય. પૅરિસના આ કળાકેન્દ્રના આયોજકોએ આપણા ગુલામમોહમ્મદ શેખને નિમંત્રણ આપી 'પંચ્યાસીમાં એમનાં ચિત્રોનું રિટ્રોસ્પેક્ટીવ - પુનરાવલોકની' — પ્રદર્શન યોજ્યું હતું. ભારત સરકારે ગુલામમોહમ્મદ શેખને કળાક્ષેત્રે કરેલા પ્રદાનને કેન્દ્રમાં રાખી ૧૯૮૩માં પદ્મશ્રી અને ૨૦૧૪માં પદ્મભૂષણ સન્માન આપી નવાજ્યા છે. આ ઉપરાંત 'કબીર સન્માન' તથા રાજા રવિ વર્મા આદિ પુરસ્કાર પણ પ્રાપ્ત થયાં છે. રવીન્દ્રનાથના જોડા સાંકો પરિસરમાં ચાલતી રવીન્દ્રભારતી યુનિવર્સિટીએ તેમને તથા તે પૂર્વે કળાકાર જ્યોતિ ભટ્ટને માનદ ડી.લિટ્. પ્રદાન કરી સન્માન્યા છે.

કળાકાર અને કળાસમીક્ષક તરીકે વિશ્વમાં સ્વીકૃતિ પામનાર આ ગુજરાતી કવિ અને ગદ્યકાર અહંકાર વિનાના, સહજ છતાં પોતાના વિચારો અત્યંત સ્પષ્ટ રીતે વ્યક્ત કરનાર વિચારક તરીકે જાણીતા છે. શેખસાહેબ મિત્રો સાથે બેઠા હોય ત્યારે એમની રસપ્રદ, નિર્ભાર વાતોથી ને રણકાદાર હાસ્યથી વાતાવરણ સજીવ બની જાય છે.

આધુનિકતાવાદી ગુજરાતી કવિતાના પ્રથમ વીર્યવન્ત કવિ તરીકે 'અથવા' (૧૯૭૪), 'અથવા અને' (૨૦૧૩) તથા સુરેશ જોષી પછીના એક મહત્ત્વના નિબંધકાર તરીકે ગુલામમોહમ્મદ શેખ સ્મરણીય છે અને રહેશે.

નજીકના ભવિષ્યમાં શેખસાહેબના ગુજરાતીમાં લખાયેલા કળાવિષયક લેખોનો સંચય અને નિબંધસંગ્રહ 'ઘેર જતાં' પ્રગટશે ત્યારે તેમની રસિક વિદ્વત્તા અને સર્જકતા એક સાથે માણવા મળશે. ગુલામમોહમ્મદ શેખનાં પત્ની નીલિમા શેખ પણ કળાકાર તરીકે દેશ અને દુનિયામાં જાણીતાં છે.

— જયદેવ શુક્લ

## જ્ઞાન-વિજ્ઞાન વ્યાખ્યાનશ્રેણી

◈ ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટની **શ્રી ભદ્રંકર વિદ્યાદીપક જ્ઞાન-વિજ્ઞાન વ્યાખ્યાનશ્રેણી**ના ઉપક્રમે ઑક્ટોબર મહિનામાં નીચે મુજબ બે વ્યાખ્યાનો સાંજે **પાંચ વાગ્યે** શ્રી હીરાલાલ ભગવતી સભાગૃહમાં યોજવામાં આવ્યાં છે :

**૮ ઑક્ટોબર, ૨૦૧૪, બુધવાર** : વિષય : ગિરનાર : પરિક્રમા અને અનુભવો
વક્તા : શ્રી સંજય ચૌધરી

**૧૫ ઑક્ટોબર, ૨૦૧૪, બુધવાર** : વિષય : નળાખ્યાન : પ્રેમાનંદનો પ્રજ્ઞાપ્રસાદ
વક્તા : ડૉ. ચંદ્રકાન્ત શેઠ

## લલિતકલાકેન્દ્ર

◈ **૬ ઑક્ટોબર ૨૦૧૪, સોમવાર, સાંજના ૫.૦૦ :**

વિશ્વકોશ લલિતકલા કેન્દ્રના ઉપક્રમે ગુજરાતના પ્રસિદ્ધ ચિત્રકાર અને સર્જક શ્રી ગુલામમોહમ્મદ શેખનું 'કળાથી જીવતર ભણી' (ચિત્રો અને અન્ય કૃતિઓ) વિશે સ્લાઇડ્સ સાથે પ્રદર્શન : તથા શ્રી ગુલામમોહમ્મદ શેખનાં ચિત્રોની પ્રિન્ટ્સનું વિશ્વકોશ કલાવીથિકામાં પ્રદર્શન ૯ ઑક્ટોબર સુધી : બપોરે ૩ થી ૭.

◈ **૧૦ ઑક્ટોબર ૨૦૧૪, શુક્રવાર, સાંજના ૬.૦૦ :**

સંગીતિના સંયુક્ત ઉપક્રમે કાવ્યસંગીત શ્રેણી અંતર્ગત શ્રી રાજેન્દ્ર શુક્લનાં કાવ્યોની સંગીતમય રજૂઆતનો કાર્યક્રમ 'હું તો ધરાનું હાસ છું.' કાવ્યપઠન : રાજેન્દ્ર શુક્લ, કાવ્યગાન : અમર ભટ્ટ, બલરાજ શાસ્ત્રી, રાગ મહેતા તથા ગુજરાતી ભાષાનાં કેટલાંક અપ્રતિમ કાવ્યોનાં અમર ભટ્ટે કરેલાં સ્વરાંકનોની ઑડિયો સીડી 'શબ્દનો સ્વરાભિષેક'નું વિમોચન.

## સ્વાસ્થ્ય-યોગ શ્રેણી

◈ **૧૧ ઑક્ટોબર ૨૦૧૪, શનિવાર, સાંજના ૫.૦૦ :**

અમદાવાદના યોગગુરુ શ્રી મનુવર્યજીના યોગસાધના આશ્રમમાં યોગ-શિક્ષિકા તેમજ યોગ-થેરાપિસ્ટ તરીકે સક્રિય સેવા આપનાર અને પુણેના વિશ્વખ્યાત યોગગુરુ શ્રી વી. કે. એસ. આયંગર પાસે યોગની તાલીમ લેનાર તેમજ સુઝોક અને કલર થેરાપીના જ્ઞાતા શ્રી ભારતીબહેન મિસ્ત્રી 'લોહીનું ઊંચું દબાણ (બ્લડપ્રેશર : કારણો અને નિવારણ) વિશે વ્યાખ્યાન.

## બાળ-કિશોર સાહિત્યકેન્દ્ર

◈ **૧૨ ઑક્ટોબર ૨૦૧૪, રવિવાર, સાંજના ૫.૦૦ :**

ધીરુબહેન પટેલ બાળ-કિશોર સાહિત્યકેન્દ્રના ઉપક્રમે શ્રી અંજના ભગવતી લિખિત

બાળવાર્તાના પુસ્તક 'કીડી કુંજર કરે કમાલ'નું શ્રી ચન્દ્રકાન્ત શેઠ દ્વારા વિમોચન તથા અર્ચન ત્રિવેદી તથા પ્રશાંત રાવળના દિગ્દર્શન હેઠળ અલ્પા શાહ લિખિત નાટકની બાળકો દ્વારા પ્રસ્તુતિ.

## વિશ્વકોશના અન્ય કાર્યક્રમ

◈ **૨ ઑક્ટોબર ૨૦૧૪, ગુરુવાર, સાંજના ૫-૦૦ :**

ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટના ઉપક્રમે 'ગાંધીજી અમદાવાદમાં' એ વિષય પર ડૉ. માણેકલાલ પટેલ 'સેતુ' વ્યાખ્યાન આપશે. આ વ્યાખ્યાનમાં ગાંધીજીએ અમદાવાદમાં કરેલી પ્રવૃત્તિઓ, સ્થાપેલી સંસ્થાઓ તેમજ અન્ય રસપ્રદ વિગતોની દૃશ્ય-શ્રાવ્ય માધ્યમ દ્વારા પ્રસ્તુતિ.

## અન્ય

◈ **૪ ઑક્ટોબર ૨૦૧૪, શનિવાર, સાંજના ૫-૦૦ :**

ગુજરાત સાહિત્ય સભા દ્વારા દર્શક જન્મશતાબ્દી નિમિત્તે શ્રી પ્રકાશ શાહ 'દર્શકનું વિચારવિશ્વ' એ વિષય પર વ્યાખ્યાન.

◈ **૫ ઑક્ટોબર ૨૦૧૪, રવિવાર, સાંજના ૬-૦૦ :**

'અનાહત' સંસ્થા દ્વારા સુગમસંગીતનો કાર્યક્રમ : અનિકેત ખાંડેકર, નીરજ પાઠક, અલ્પા શાહ, રિયા શાહ, પ્રથા ખાંડેકર.

## સહયોગ

ગુજરાતના પ્રસિદ્ધ શિક્ષણવિદ્ અને એચ. એલ. કૉલેજ ઑફ કૉમર્સના પૂર્વઆચાર્ય શ્રી આર. એલ. સંઘવી દ્વારા અર્થશાસ્ત્ર, માનવવિદ્યા, સમાજલક્ષી કે જીવનલક્ષી વિષયને અનુલક્ષીને તૈયાર થયેલાં પુસ્તકની શ્રેણી માટે વિશ્વકોશ ટ્રસ્ટને આર્થિક સહયોગ સાંપડ્યો છે, તેમાંથી 'પ્રિ. આર. એલ. સંઘવી અને શ્રી મંજુલા આર. સંઘવી જ્ઞાનપ્રસાર ગ્રંથશ્રેણી'ના અન્વયે પુસ્તક પ્રકાશન તેમજ વ્યાખ્યાન યોજવામાં આવશે.


## વાચકમિત્રોને

છેલ્લાં પંદર વર્ષથી 'વિશ્વવિહાર' આપને મળે છે. આપને તે રુચ્યું હોય અને ઉપયોગી લાગ્યું હોય તો તેનું વાર્ષિક લવાજમ રૂ. ૧૦૦નું મ. ઓ. ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટ, રમેશપાર્કની બાજુમાં, ઉસ્માનપુરા, અમદાવાદ – ૩૮૦ ૦૧૩ – એ સરનામે મોકલશો. બે, ત્રણ, ચાર કે પાંચ વર્ષનું લવાજમ પણ એકસાથે ભરી શકાશે. ડ્રાફ્ટ **ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટ**ના નામનો મોકલવો. ❒



શ્રી અમિત અંબાલાલના આર્ચર દ્વારા પ્રકાશિત પુસ્તક
'Amit Ambalal : The Unseen Drawings and Watercolours'નું વિમોચન કરતાં
(ડાબી બાજુથી) કુમારપાળ દેસાઈ, અમિત અંબાલાલ, સંજય લાલભાઈ,
અતુલ ડોડિયા અને અનિલ રેલિયા

'વિશ્વનો આજનો વિકાસ : કઈ દિશામાં ?'
વિશે શ્રી કાર્તિકેય સારાભાઈ





'સુખ, શાંતિ અને આનંદની પ્રાપ્તિનો રાજમાર્ગ'
વિશે ડૉ. સુધીર શાહ

RNI No. GUJGUJ/1998/4459. Permitted to post at Ahd PSO
On 5th every month under postal Regd. No. GAMC 1375
2012-14 Issued by SSP Ahmedabad-9 Valid Upto 31-12-2014

ISSN 2321 6999

દર માસની ૫મી તારીખે પ્રકાશિત



## ગુજરાતી ભાષામાં સર્વપ્રથમ

# ગુજરાતી બાળવિશ્વકોશ



સાહિત્ય–કળા સમેત સામાન્ય જ્ઞાનનાં લગભગ સર્વ ક્ષેત્રોની માહિતી આપતો આ જ્ઞાનકોશ ૧૧૬૪ અધિકરણો અને ૨૪૫૫ ચિત્રો અને તસવીરોથી સુશોભિત છે. જુદા જુદા ૭૩ જેટલા વિષયો પર પ્રમાણભૂત માહિતી ધરાવતો આ બાળવિશ્વકોશ બાળ–કિશોરો માટે અનોખી ભેટ છે. તે સુંદર બહુરંગી ચિત્રો અને તસવીરોથી સુશોભિત છે. જિજ્ઞાસાથી ઊભરાતાં બાળ–કિશોરો માટે આ અનોખી ભેટ પુરવાર થશે.









બાળવિશ્વકોશના પાંચ ભાગની કુલ કિંમત રૂ. ૨,૯૦૦/- છે જે ૨૫ % ડિસ્કાઉન્ટથી રૂ. ૨,૧૭૫/-માં મળશે.

મુખ્ય વિક્રેતા અને પ્રાપ્તિસ્થાન
ગૂર્જર એજન્સીઝ. રતનપોળ નાકા સામે, ગાંધી માર્ગ,
અમદાવાદ-૩૮૦ ૦૦૧, ફોન : ૨૨૧૪૪૬૬૩, ૨૨૧૪૯૬૬૦

ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટ, અમદાવાદ